જિલ્લા કક્ષાની મદદનીશ નિયામક, પ્રોસીક્યુશન (Assistant Director of Prosecution) ની કચેરી માટે ઉભી કરવામાં આવેલ લૉ ઑફિસરની ૫૫ જગ્યાઓ માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી સેવાઓ મેળવવા મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : **HD/DOP/e-file/8/2025/2269/L-1**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : eSign મુજબ

વંચાણે લીધા :-

(૧) કાયદા વિભાગનો તા.૧૯/૧૧/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક : LD/DOP/e-file/12/2024/1958/H1

(૨) ગૃહ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક : HD/BCI/e-file/8/2025/1720/L-1

(૩) ગૃહ વિભાગનો તા.૧૪/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક : HD/CNT/e-file/8/2025/2408/L-1

(૪) ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની કચેરીનો તા.૨૦/૦૮/૨૦૨૫નો પત્ર ક:ડીઓપી/નિયામક/અમુસ/લો-ઓફીસર/૧૦૫૬/૨૦૨૫.

ઠરાવ :-

કાયદા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) સામેના ઠરાવથી, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં આકસ્મિક નિધિમાંથી જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકની કચેરી માટે લૉ ઓફીસરની ૫૫ જગ્યાઓ માટે ૧૧ માસ માટે કરાર આધારિત સેવાઓ મેળવવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

ગૃહ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં આકસ્મિક નિધિમાંથી જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકની કચેરી માટે ઉભી કરવામાં આવેલ નવી જગ્યાઓના મહેકમ ખર્ચ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ચાલુ બાબત તરીકે અંદાજપત્રીય જોગવાઈ ₹૧.૦૦/- કરોડ(અંકે રૂપિયા એક કરોડ પૂરા) ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

ગૃહ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) મુજબ લૉ ઓફીસરની ૫૫ જગ્યાઓ માટે ૧૧ માસ માટે કરાર આધારિત સેવાઓ મેળવવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૪) સામેના પત્ર દ્વારા મદદનીશ નિયામકની કચેરી માં લો ઓફિસર ની જગ્યા કરાર આધારિતના સ્થાને આઉટસોર્સથી સેવા લેવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

આથી, પુખ્ત વિચારણાને અંતે ઉકત મદદનીશ નિયામક, પ્રોસીક્યુશન (Assistant Director of Prosecution)ની કચેરી માં લો ઓફિસર ની ૫૫ જગ્યાઓ ૧૧ માસ માટે કરાર આધારિત સેવાઓના સ્થાને

આઉટસોર્સથી લેવા મંજૂરી આપવામાં આવે છે.

આ ઉપરાંત ગૃહ વિભાગના તા.૦૭/૦૪/૨૦૨૫ ના ઠરાવની અન્ય શરતો ધ્યાને લેવાની રહેશે.

આ અંગેના હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૯/૦૯/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
સરકારના નાયબ સચિવ
ગૃહ વિભાગ

**નકલ રવાના :-**

૧. પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૩. ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૪. નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સેક્શન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

Signature valid

Signed by:Ronak Modi
Deputy Secretary
Date:2025.09.22
16:03:44 +5:30